# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૬૫ તા.૪-૩-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- પ્રજ્ઞા શિક્ષકોની તાલીમ બાબત.**

આથી પ્રજ્ઞા પ્રોજેક્ટની શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, પ્રજ્ઞાના શિક્ષકો માટે તા.૭-૩-૧૫ને શનિવારના રોજ સવારના ૭-૩૦ થી ૧૨-૩૦ સુધી સ્કાઉટભવન,પાલડી ખાતે પ્રજ્ઞાની તાલીમ રાખવામાં આવેલ છે. જેમાં ધો.૧થી ૪ના પ્રજ્ઞાના શિક્ષકોએ (તે શાળાના મુખ્ય શિક્ષક અને ધો.૫ના શિક્ષકો સહિત) અચૂક હાજર રહેવું. આ દિવસે ધો.૧ થી ૫ના **પ્રજ્ઞા શાળાના** બાળકોનું શૈક્ષણિક કાર્ય બંધ રહેશે.

તા. ૪-૩-૧૫ ડૉ. એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી

પરિપત્ર નં. ૧૬૬ તા.૪-૩-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- એસ.એમ.સી.સભ્યોની ડિરેકટરી બનાવવા બાબત.**

**સંદર્ભ :- ક્રમાંક ssa/com.mob/2014/6213-6244 તા.૨૬-૦૨-૧૫**

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, એસ.એમ.સી.માં કાર્યરત એસ.એમ.સી.ના તમામ સભ્યોની ડિરેકટરી બનાવવની રાજ્ય કચેરી તરફથી સૂચના મળેલ છે.જેમાં નીચે મુજબના ફોર્મેટમાં એસ.એમ.સી. સભ્યોની સંપૂર્ણ માહિતી, ગુજરાતી શ્રુતી ફોન્ટમાં (૧૨ની સાઈઝ) **A-4 size**ના એક પેજમાં એક શાળાની તમામ માહિતી આવે તે રીતે **MICRO SOFT EXCEL**ની ફાઈલમાં **adpcamc@gmail.com** પર ઈ-મેલ કરવાનો રહેશે. જેની **CC** એક કોપી સી.આર.સી. કો.ઓર્ડિનેટરને મોકલવાની રહેશે. આ કામગીરી તા.૧૨-૩-૧૫ સુધીમાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

ઝોનનું નામ :....... ક્લસ્ટરનું નામ ........... શાળાનું નામ......... સરનામું.................

| ક્રમ | એસ.એમ.સી. સભ્યોના નામ | હોદ્દો | સ્ત્રી/પુરૂષ | અભ્યાસ | મોબાઈલ નંબર(સભ્ય પાસે ના હોય તો ઘરના અન્ય વ્યક્તિનો નંબર) |
|---|---|---|---|---|---|
| | | | | | |

તા. ૪-૩-૧૫ ડૉ. એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી